

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વાડીને પૂછવા વિના દલાઓ રીંગણા લઈ જાય છે,*
*દેશ-સેવામાં તો 'ત્રવાડીઓ' ઠીંગણા થઈ જાય છે.*
*જાત વેંચવાના ભરાવે છે શીંગડાં ગૂંલાટ બાજો -*
*ને વિકાસની વાત આવે તો ધીંગાણા થઈ જાય છે!*
*(સ્વાર્થ સાધવામાં એમની એકતા તો જૂઓ !?)*

### હાઈકુ

*મળી છે તક!*
*ઉસેડાય એટલું -*
*ઉસેડી લ્યો ને !!*

*ભાઈ હરખા,*
*ખાવામાં સૌ સરખા -*
*ચોરના ભાઈ - ?*

### ચિંતન

**જો તો કોં કાંટા બુવે, તાહિ બો તૂ ફૂલ,**
**તોહિ ફૂલ કો ફૂલ હૈ, વાંકો કાંટા સૂલ ।**

**ઉપરોક્ત રાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે છે કે હે મનુષ્ય ! આ દુનિયામાં એવા લોકો પણ છે જે અન્યની પીડા આપવામાં અને દુઃખી કરવામાં જ આનંદ માણે છે, અને આત્મ સંતોષ મેળવે છે. પણ તું એમાંનો એક જ બનીશ. કોઈ તને પીડા આપવા કાંટા મારે તો તું એને ફૂલ જ આપજે અર્થાત્ ફૂલ જેવી સુગંધ અને પ્રેમ ભાવના રાખજે. જે મનુષ્ય ખરાબ ભાવનાથી તારા તરફ કાંટો ફેંકે છે તે ખરાબ ભાવના તેના સૂક્ષ્મ દેહમાંથી છૂટી તારા તરફ આવશે પણ તારા સૂક્ષ્મ શરીરમાં અને તારા પવિત્ર મનોભાવમાં તેવી ગંદી ચીજ રૂપી ભાવનાને રહેવાની જગા ન મળે તો જ્યાંથી આવી ત્યાં જ પાછી જશે અને એ જ રીતે તારી પ્રેમ ભાવનાને તેના હૃદયમાં સ્થાન નહીં મળે એટલે તે તારા તરફ પાછી આવશે. એ જ તો ઈશ્વરનો ન્યાય છે.**

### સુવિચાર

- કયા બેચકર હમ ખરીદેં ફુર્સત એ જિંદગી, સબકુછ તો ગિરવી પડા હૈ, જિમ્મેદારી કે બાઝાર મેં - **દિલનાઝ પટેલ**
- સુખ અને આનંદ કોઈના પર આધારિત હશે તો દુઃખી અને ઉદાસ થવાના ચાન્સીસ સૌથી વધુ થઈ જશે - **કાંતિ ભટ્ટ**
- જિંદગી ને સરળ અને સહજ રાખવા માટે ઘણું બધું ભૂલવું પડતું હોય છે... ભૂલોને પણ !!! - **કૃષ્ણકાંત ઉનડકટ**
- સંવાદ મરી જશે તો સંબંધનું આયુષ્ય પણ ખટી જશે - **અમૃતબિંદુ**
- કાદયાથી મળેલો હક બહારની વ્યક્તિઓથી આપણને બચાવે છે, પણ જયારે એનું ચલણ ઘરમાં શરુ થાય તે સર્વનાશ નોતરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમથી કરેલું કાર્ય ઉત્તમ, ભયથી કે લાલચથી કરેલું કાર્ય મધ્યમ અને કાયદો પાળવા માટે કરેલું કાર્ય કનીષ્ઠ પ્રારનું હોય છે - **ભીખુદાન ગઢવી**
- આજનું ઔષધ : તમાકુ પાણીમાં ભેળવી વાળ પર ચોપડી માથે પાટો બાંધી, બે કલાક પછી અરિઠાથી વાળ ધોવાથી જૂ-લીખ દૂર થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહાન રોમન શિલ્પકાર તથા ચિત્રકાર માઈકલ એન્જેલોનો એક જૂનો અને ખૂબ પ્રામાણિક વફાદાર નોકર હતો તેનું નામ અરબીનો હતું. અરબીનો માઈકલ કરતા ઉંમરમાં મોટો હતો. તેણે માઈકલની દરેક નાની મોટી બાબતોનું સતત ત્રીસ વર્ષ સુધી ધ્યાન રાખ્યા કર્યું. અરબીનો વૃદ્ધ થયો તે અશક્ત રહેવા લાગ્યો. આંખોની રોશની ઓછી થવા લાગી. માઈકલ એન્જેલો તેના શિલ્પ કાર્યમાંથી થોડા દિવસો બ્રેક લઈ અરબીનોની સેવા કરવામાં લાગી ગયો. અરબીનોએ માઈકલને કહ્યું કે હું તમારી પર બોજ બનું છું તેના કરતાં હું અહીંથી જતો રહું... માઈકલે કહ્યું, 'તમારી મારી સાથે જ રહેવાનું છે. કયાંક જવાનું નથી.'અરબીનોએ કહ્યું, 'તમે શિલ્પકામ મૂકીને મારી સેવા કરો છો. એ મને નથી ગમતું. તમારી આ સેવા સુશ્રુતાનો હું કેવી રીતે બદલો વાળીશ ? માઈકલે કહ્યું, 'તમારી સેવા હું કરું છું તો કંઈ મેં મહાન કામ નથી કરી નાખ્યું, સતત ત્રણ દાયકાથી મેં તમારી સેવા લીધી છે. એનો બદલો હું કઈ રીતે વાળીશ એ સવાલ પણ મને પરેશાન કરી રહ્યો છે.' માઈકલે પોતાના નોકર અરબીનો પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરવા એક અદ્ભૂત ચિત્ર દોર્યું. જેમાં તેણે અરબીનોને મરણ પથારીએ પડેલો બતાવ્યો. અને પોતે ચિત્રમાં અરબીનોની પાસે બેસી એની સેવા કરી રહ્યા તેવું દર્શાવ્યું. આ ચિત્ર માઈકલ એન્જેલોની મહાન કૃતિ તરીકે વિશ્વવિખ્યાત બન્યું માઈકલે અરબીનોની સેવા કરી તેની યાદમાં અમર કૃતિ રચી.

# સિંહોના સંરક્ષણમાં બેદરકારી ન ચલાવાય

**તંત્રીસ્થાનેથી...**

ગીરનો વનરાજ એ ગરવી ગુજરાતની આગવી ઓળખ છે. એશિયાટિક લાયન તરીકે ઓળખાતું આ ખૂંખાર અને ખાનદાન પ્રાણી માત્ર સૌરાષ્ટ્રના ગીર પંથકમાં જ વસે છે. એ અન્ય કોઈ પ્રાંત કે પ્રદેશમાં કેમ નથી રહી શક્યું એ સંસોધનનો વિષય હોઈ શકે. પરંતુ કુદરતે ભારતના પશ્ચિમ વિસ્તારના આ ડુંગરાળ પાંખા વનવિસ્તારમાં જ એને અનુકૂળ વાતાવરણ સર્જ્યું છે અને ત્યાં એ સદીઓથી રહેતું આવ્યું છે. આફ્રિકન સિંહ કરતાં એ કદમાં નાનું હશે પણ એની ડણક દુનિયા આખીને ધ્રુજાવતી રહી છે. હવે જયારે એ રક્ષિત પ્રાણી તરીકે અને ગુજરાતની અસ્મિતાના પ્રતીક તરીકે જોઈએ છીએ ત્યારે સ્વાભાવિક રીતે જ એના સંરક્ષણની નૈતિક જવાબદારી જ નહીં બલકે કાનૂની ફરજ આપણી સરકારના શિરે આવી જાય છે. સિંહના વસવાટનું માનવીનું એન્ક્રોચમેન્ટ વધતું ગયું તેમ પણ પોતાની લક્ષ્મણ રેખાઓ ઓળંગી માનવ વસાહતો નજીક હરવા ફરવાનું ચાલુ કરી દીધું. એણે નેસના જીવો પર દાનત બગાડી તો કયારેક માનવી પર પણ હુમલા કરવા માંડ્યા. આથી જે વનરાજ કયારેક આપણા ગૌરવનું પ્રતીક હતો તે આસપાસની માનવ વસતિ માટે જોખમરૂપ બની રહ્યો. વાડીઓમાં ઘૂસી આવતા સિંહોને ઝેર ભેળવેલું માણણ ખવડાવી મારી નંખાતા હોવાના દાખલા પણ નોંધાયા છે. બીજી તરફ સરકારે અને જંગલખાતાએ 'સિંહદર્શન' માટેના અવનવા નુસખા શરુ કર્યા એટલે આ એકાંતપ્રિય જીવો માટે જિંદગી ખલેલરૂપ બનતી ચાલી. ઘણા સિંહો રેલવેના પાટા પર કપાતા રહ્યા છે તો કેટલાંક સિંહશાવકો કૂવામાં પડી જઈ મરણ શરણ થયાં છે. વચ્ચે શિકારીઓ અને દલાલો મારફત સિંહોનું નિકંદન નીકળી રહ્યું હોવાના સમાચાર પણ છપાતા હતા. સિંહદર્શન માટે ઘેલા સહેલાણીઓને કેટલાક જંગલખાતાના જ કર્મચારીઓ અને દલાલો વિવિધ રીતે પણ છપાતા હતા. સિંહદર્શન માટે ઘેલા સહેલાણીઓને કેટલાક જંગલખાતાના જ કર્મચારીઓ અને દલાલો વિવિધ રીતે આ પ્રાણીને લલચાવી, એને આકર્ષવા માટે બકરું કે પાડરડું બાંધી એનો લહાવો માણવા કરતા રહ્યા છે. કયારેક સિંહની પાછળ જીપ દોડાવીને એને પજવવાનો સેડિસ્ટ આનંદ પણ મેળવાતો રહે છે. આ બધી બાબતો એટલે હદે વધી જવા પામી છે કે એક તરફ સિંહોની ઘટી ગયેલી સંખ્યાને વધારવાના પ્રયાસો થતા રહે છે તો બીજી તરફ એક સાથે દસ દિવસમાં અગિયાર સિંહોનાં મોતના વાવડ મળે છે. વૃદ્ધાવસ્થાથી સિંહ મરણ પામે તે બરાબર, પરંતુ કોઈ એપિડેમિક રોગચાળાનો શિકાર બનીને મોતને ભેટે તે આપણા માટે ઘણી જ શરમજનક બાબત ગણાવી જોઈએ. ઉત્તરપ્રદેશ કે મધ્યપ્રદેશની સરાકારોએ સિંહોની જોડીઓ પોતાના જંગલોમાં વસાવવાની ઑફર કરેલી ત્યારે આપણે પર્યાવરણવિદોની સલાહ મુજબ સવિનય ઈન્કાર કરેલો છે. હવે જયારે આપણે આખી દુનિયાના સૌથી સુંદર અને ખૂંખાર છતાં ખાનદાન પ્રાણીનો ઈજારો લઈને બેઠા હોઈએ તો એના રક્ષણની જવાબદારી પણ આપણી જ બની રહે. એને ભગવાન ભરોસે ના છોડી શકાય. રજવાડાંના જમાનામાં સિંહનો શિકાર એ ગૌરવવંતી ઘટના હતી. એને નાબૂદ કર્યા પછી એ સિંહોના રક્ષણ પાછળ કરોડોનું બજેટ વેડફયા પછી પણ જો એક યા બીજા કારણસર સિંહો મરતા જ રહે તો આપણે કેવા વામણા લાગીશું !

# આસમાન મેં થૂકને વાલે કો શાયદ પતા નહીં...



### ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

આસમાન મેં થૂકને વાલે કો શાયદ યહ પતા નહીં હૈ, કી પલટ કે થૂંક ઉન્હી કે ચેહરે પર ગીરેગી...

- રાજનીતિ

ઈ.સ. ૨૦૧૦માં આવેલી 'રાજનીતિ' ફિલ્મમાં મનોજ વાજપેયીના મુખ્યે બોલાયેલ આ સંવાદ લોકપ્રિય થયો હતો... આ મલ્ટી સ્ટારર ફિલ્મમાં અજય દેવગન, નાના પાટેકર, અર્જુન રામપાલ, રણવીર કપૂર, કેટરીના કેફ, મનોજ વાજપાઈ જેવા ધરખમ કલાકારો હતા, અને આમ તો આ ફિલ્મ સંપૂર્ણપણે 'મહાભારત'થી જ પ્રેરિત હતી. પ્રકાશ જહા દિગ્દર્શિત અને અંજુમ રાજાબલી જેવા સંવાદ લેખકની રાહબરી હેઠળ આ અદ્ભૂત ફિલ્મ બની હતી. સામા વ્યક્તિ માટે અપકૃત્ય આચરીએ તે કર્મના સિદ્ધાંત પ્રમાણે વળી પાછું કયારેક ને કયારેક બૂમરેંગની જેમ આપણી પર જ આવવાનું જ છે તે ભૂલવું ન જોઈએ.

આવા જ અર્થસામ્યવાળી એક સંસ્કૃત પંક્તિ આશરે છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયેલ બાણભટ્ટ વિરચિત 'કાદમ્બરી'નામક ગદ્યકથામાં મળી આવે છે.

***આત્મકૃતાનાં હિ દોષાણાં નિયતમનુભવિતવ્યં ફલતાત્માત્મનૈવ ॥***

**- કાદમ્બરી**

- પોતે કરેલા અપરાધ (પાપ) ના ફળ નિશ્ચિતરૂપે પોતે જ (સ્વયં જ) ભોગવવા પડે છે.

આ ઉપરાંત શુક્રનીતિમાં પણ એક પંક્તિ મળી આવે છે.

***- અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ્ કૃતકર્મફલં નરૈ: ॥***

પોતે કરેલા કર્મનું ફળ વ્યક્તિએ અવશ્યપણે ભોગવવું જ પડે છે.

આપણી એ સૌથી મોટી નબળાઈ છે કે જયારે આપણે કોઈ કુકર્મ કરતા હોઈએ ત્યારે એવું વિચારીએ છીએ કે કોઈ જોતું નથી, કોને ખબર પડવાની છે ? પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે ઈશ્વરના રડારમાંથી કોઈ બચી શકતું નથી.

જે ખાડો આપણે બીજા માટે ખોદ્યો હશે, આજે નહીં તો કાલે તેમાં આપણે જરૂર પડીશું. આ કર્મના સિદ્ધાંતને જેટલો જલ્દી સમજી લઈએ. તેમાં જ આપણી ભલાઈ છે... બાણભટ્ટથી માંડીને પ્રકાશ જહા સુધી બધા આપણને આ જ 'બ્રહ્મજ્ઞાન' આપવાનો પ્રયત્ન કરી રહ્યા છે, અને આપણે છતાપણ એટલા નાસમજ વિદ્યાર્થીઓ છીએ કે ગીતા, કાદમ્બરી અને છેલ્લે 'રાજનીતિ'ના સંવાદ સાંભળીને પણ શીખતા નથી...

- jayuoza@gmail.com, Mo. 9898046488

# આજે માતૃભાષા કાર્યશાળા



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય વૃત્ત
વૃત્તસંચય

● વ્યક્તિગતના પ્રાણસમી માતૃભાષા ગુજરાતની સત્ત્વને જાણવા અને માણવા, માતૃભાષાના ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિ માટે તથા આપણી સ્વભાષા ગુજરાતીનું ગૌરવ વધારવા માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠા' દ્વારા દરમાસે યોજવામાં આવતી કાર્યશાળા અંતર્ગત, માતૃભાષાના સાધકોની અગિયારમી કાર્યશાળા તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮ને શનિવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૩૦ દરમિયાન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડમાં યોજાશે, જેમાં 'વિભક્તિનું શાસ્ત્ર' શિખવવામાં આવશે. એ ઉપરાંત ભાષાસ્ત્રની અડધા કલાકની એક કસોટી લેવામાં આવશે. જેમાં સારો દેખાવ કરનાર ત્રણ વ્યક્તિઓનું તા. ૧૩-૧૦-૨૦૧૮ના રોજની કાર્યશાળામાં સન્માન કરવામાં આવશે.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા દર માસના ત્રીજા રવિવારે યોજવામાં આવતો 'વાર્તાવાંચન', 'કાવ્ય - પઠન અને તે ઉપરના 'વિવેચન અને વિચાર-વિમર્શ' નો કાર્યક્રમ, તા. ૧૬-૦૯-૨૦૧૮ના રોજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, પ્રતિષ્ઠાનના પ્રમુખ ડૉ. મોહન પરમારના અધ્યસ્થાને યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં દાન વાઘેલા દ્વારા, તેઓની સ્વરચિત ગઝલો જેવી કે, આજકાલ, ચોટલીકાંડ, જડબેસલાક, જુગાર પડતો મૂક અને સ્વરચિત ગીત 'કોને જાણ' નું પઠન કરી, ભાવકો - સર્જકોને રસતરબોળ કર્યા તથા દલિત ગઝલ અને લલિત ગઝલની ભેદરેખા અંગે સમજણ આપી. વાર્તાકાર - સાહિત્યકાર રમણ માધવ દ્વારા સ્વરચિત વાર્તાઓ 'તરણા ઓથે' અને 'ભૂરકી'નું વાચન કર્યુ અને સાહિત્યભાવકો - રસિકોને આનંદથી ઝંકૃત કર્યા. આ કાર્યક્રમમાં ડૉ. મોહન પરમાર, દાન વાઘેલા, રમણ વાઘેલા, કનુ અસામલીકર, રામ સોલંકી, લક્ષ્મણ વાઘેલા, હિતેન્દ્ર હિતકર, નટુભાઈ પરમાર, સ્વપ્રિલ મહેતા, ઉકડભાઈ પરમાર ઉપસ્થિત રહી, આ કૃતિઓના વિચાર-વિમર્શ અને વિવેચનમાં ભાગ લઈ, સર્જકોની કૃતિઓની સમીક્ષા કરી, મનભર માણી, પ્રમાણી અને વખાણી હતી.

- muljibhaidadhi@gmail.com

# મસ્તકવિની મસ્તી : કવિ ત્રિભુવન પ્રેમશંકર



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

કેટલાક 'માથા ફરેલ' લોકો વ્યવહારુ જગતના બંધનોમાં બંધાતા નથી. આવા લોકો જે તે ક્ષણે જે સત્યનું દર્શન કરે છે તેનીજ વાત બેજીજક જગત સામે ધરીને પોતાનું સહજ કર્તવ્ય નીભાવી જાય છે. મનની જે અનુભૂતિ હોય તેનેજ પ્રગટ કરવાની આવી શકિત ધરાવનારા લોકોને સમાજ આદરથી યાદ કરતો રહે છે. મહાભારતની કથામાં દ્રૌપદીના વસ્ત્રાહરણ પ્રસંગે અનેક વિદ્વાન તથા શક્તિશાળી લોકો હાજર હોય છે. આ બધા મહારથીઓ પોતાનાજ ઊભા કરેલા બંધનોમાં જકડાઈને નજર સામેના સત્યને નજર અંદાજ કરે છે. પરંતુ દૂર્યોધનનો એક ભાઈ વિકર્ણ આ પ્રસંગે સત્ય વચન સંભળાવીને દૂશાસનને દ્રૌપદી વસ્ત્રાહરણનું દૂષ્કર્મ કરતા રોકવાનો પ્રયાસ કરે છે. જગતના ઈતિહાસમાં આવી વિકર્ણ વૃત્તિ ધરાવતા લોકો અમરત્વને વરેલા છે. આપણાં દેશમાં કટોકટી લાદવા માટે બંધારણમાં જરૂરી ફેરફાર કરવા માટેનું બીલ ભારતની લોકસભામાં રજૂ કરવામાં આવ્યું (૧૯૭૫) તે વાતની સ્મૃતિ હજુ પણ ઘણાં લોકોના મનમાં તાજી હશે. સરકારી ખરડો લોકસભામાં સર્વાનુમતે પસાર થાય તેવા તત્કાલિન ભારત સરકારના પ્રયાસ પણ હોય તે સ્વાભાવિક છે. પરંતુ અહીં પણ ગાંધી આશ્રમવાળા નગર અમદાવાદના પ્રતિનિધિ તેમજ તે કાળના સાંસદ પુરુષોત્તમ માવળંકરે કટોકટીના ખરડાની વિરુધ્ધમાં મત આપીને ફરી વિકર્ણ વૃત્તિને ચેતનવંતી કરી હતી. વ્યવહારુ જગતની સલાહ આવી વૃત્તિ ધરાવનાર લોકોને કદી રોકી શકતી નથી. આવાજ એક સ્વતંત્ર મીજાજ ધરાવતા કવિની સત્ય ઘટના આપણી ભાષાની શોભા વધારી જનાર સર્જક મુકુન્દરાય પરાશર્યે લખી છે. આ કવિનો જન્મ ૨૩મી સપ્ટેમ્બરે ૧૮૬૫માં ભાવનગર જિલ્લાના મહુવામાં થયો હતો. આથી સપ્ટેમ્બર માસમાં આ કવિની સ્મૃતિને વંદન કરવાનું મન અનેક લોકોને થતું હશે. કવિનું નામ ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદી હતું. નિજાનંદી તોરમાં ખુમારી પૂર્વક જીવન જીવનારા આ કવિ ''મસ્તકવિ'' તરીકે પણ જાણીતા થયા હતા. કવિ લાઠીના રાજવી કવિ કલાપીના સ્નેહી હતા. કવિ તરફ કલાપીને આદર તથા પ્રીતિ હતા. કલાપીની ભલામણને કારણે ભાવનગર મહારાજાએ કવિનું પેન્શન નક્કી કરીને આર્થિક સવલત કરી આપી હતી. જે રાજ્યની ઉદારતાને કારણે પેન્શન મળતું હોય તે રાજ્યની કોઈ અપેક્ષા પેન્શન મેળવનાર વ્યક્તિ પાસે હોય તો તેને યથાશક્તિ પૂર્ણ કરવી જોઈએ તેવી વ્યવહારુ જગતની માન્યતા હોય તે સ્વાભાવિક છે. આ સંદર્ભમાં આ અનોખા 'મસ્તકવિ' ત્રિભુવન પ્રેમશંકર ત્રિવેદીનો એક બનેલો પ્રસંગ કાન માંડીને સાંભળવા જેવો છે. મહારાજા ભાવસિંહજીના શાસનનો આ સમય હતો. (ઈ.સ.૧૮૭૫ થી ૧૯૧૯) તે સમયે મહારાણી નંદકુંવરબા પોતાના તંત્રીપદે ''બ્રિટિશ અને હિન્દી વિક્રમ'' નામે સામયિક ચલાવતા. એકવાર મહારાણીએ મસ્તકવિને બોલાવીને સૂચના આપી કે તેમણે આ સામયિક માટે કાવ્યો લખી આપવા. આમ તો આ બાબત સામાન્ય ગણાય. કવિને કવિકર્મ માટેનું નિમંત્રણ હતું. એક રીતે જોઈએ તો આ કવિની સર્જન શક્તિનો સ્વીકાર હતો. પરંતુ કોઈ સત્તાવાહી રીતે કવિને સર્જન કરવાનો આદેશ આપી શકે તે વાત આ સ્વતંત્ર મીજાજના સર્જકના ગળે ઉતરે તેવી ન હતી. આ નિજાનંદી કવિના દોર દમામ અલગ હતા. કાવ્ય તો અંતઃસ્ફૂરણા થાય તોજ લખાય તેમ તેઓ દ્રઢપણે માનતા હતા. આથી કવિએ તરતજ અને મોઢામોઢ મહારાણીને કાવ્ય લખવા બાબત સ્પષ્ટ નનૈયો ભણ્યો. ત્યાં હાજર હતા અને વ્યવહારુ ડાપણ ધરાવતા હતા તેવા એક અમલદારે ગર્ભિત ધમકી સાથે આ 'અવ્યવહારુ' કવિને સમજાવવા પ્રયાસ કર્યો. એ અધિકારી કહે છે: '' મહારાણીને ના ન કહેવાય. તમારે કાવ્યો લખી દેવા જોઈએ. તમે રાજયના પેન્શનર છો.'' આ વાત તથા તેનો સૂચિચાર્થ સમજીને શાંત બેઠેલા કવિ ક્રોધ કરીને તથા હાથમાં રહેલો ડંગોરો પછાડીને તાડૂક્યા. ''પેન્શન આપનારો તું કોણ છે ? આંચકી લે તારું પેન્શન. કોઈના કહેવાથી હું કંઈ ન લખું.'' આટલું કહી સંભળાવી ગુસ્સે થયેલા કવિએ ચાલતી પકડી. વ્યવહારું જગતનું ગણતરી ભરેલું ડહાપણ આ કવિની આસપાસ કદી ફરકયું પણ નહિ. જોકે શાણપણ તથા ઉદારતાના અધિપતિ એવા મહારાજા ભાવસિંહે કવિને વિવેક તથા સ્નેહથી સમજાવ્યા ત્યારે કવિનો ગુસ્સો ઓસર્યો.

જીવનમાં માત્ર મૂલ્યોને વળગીને જીવી ગયેલા આ કવિ શબ્દને ઉન્નત કરીને ગયા. આવા કવિની યશગાથા કાળના કપરા પ્રવાહમાં પણ ઝાંખી પડતી નથી. મસ્તકવિ જેવા તેજસ્વી મનિષિઓના સંદર્ભમાં સર પ્રભાશંકર પટ્ટણીના લખેલા શબ્દો યાદ આવે.

અમે મસ્તાન વેરાગી
નહિ સંસારના રાગી
જગતનાં બાદશાહોની
અમારે શી પડી પરવા?

ભાવનગર જેવા મોટા રાજ્યના મહારાણીની સૂચનાનો અનાદર કરનાર આ સ્વમાની કવિ કોઈના સ્નેહ સામે હારી જનારા હતા. કવિ કલાપીએ જ્યારે અકાળે આ જગતમાંથી ચિર વિદાય લીધી ત્યારે 'મસ્તકવિ' એ આજીવન કલાપીનો શોક પાળ્યો. ઉપરાંત 'કલાપીનો વિરહ' એવું દીર્ઘકાવ્ય લખી પોતાની ઊંડી વેદનાને વાચા આપી. મહાકવિ નાનાલાલે આ વિરહ ગ્રંથની પ્રસ્તાવના લખી અને કવિની સર્જન શક્તિને બીરદાવી.

કવિના પિતાનું અવસાન વહેલું થયું હતું. પરંતુ કવિના માતા અમૃતબાઈએ માતા તથા પિતાની ભૂમિકા સંપૂર્ણ રીતે બજાવી. કઠોર પરિશ્રમ કરીને આ વિધવા માતાએ પોતાના બાળકોનો ઉછેર કર્યો. માતાએ કરેલી સખત મજૂરીએ બાળકોમાં પરિશ્રમ તેમજ કપરા કાળમાં પણ સ્વમાન સાચવીને જીવવાની શક્તિનો વિકાસ થયો. કામકાજ કરતી માતાના કંઠેથી સતત વહેતો રહેલો ભજન તેમજ સારી પદ રચનાઓના પ્રભાવે બાળકોમાં જાણે કવિત્વ શક્તિનું બીજ અંકુરીત કર્યું. સ્વામાનથી જીવતર જીવીને ઉજળા મૃત્યુને વરનાર કવિ કદી પણ પોતાના ઊંચા ધોરણો કે મૂલ્યોથી અળગા થયા નહિ. સર પટ્ટણીએ લખ્યું છે તેમ ગંગાનું પણ મલીન જળ ત્યજી દેનાર આ રાજહંસો હતા.

સ્નેહી સાથે સુનમ્ર
ધૂર્ત બકને જેનું માથું ન નમે
ગંગાનુંય મલિન પાણી
તજીએ
તે રાજહંસો અમે.

# પ્રજાકીય સેવા માટે ભેટ સોગાદ ગાંધીને અસ્વીકાર્ય

## ભેટસોગાદ લઉં તો પ્રજાની સેવા કેમ ગણાય? - આ સવાલથી ગાંધી ને રાત્રિ જાગરણ



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

૨૦મી સદીના પહેલા જ વર્ષે વકીલ મોહનદાસ કરમચંદ ગાંધી ભારત પરત ફર્યા. દ. આફ્રિકામાં વકીલાત કરતા કરતા ગાંધીએ રંગભેદી સરકાર સામે હિંદીઓને એક કરીને લડત આપી હતી. આ લડતમાં સામૂહિક એકલા રંગલાવી હતી. આ ગાળામાં ગાંધી અને તેમના સાથીઓ લડાઈના કામમાંથી છૂટા થયા હતા.

ગાંધીને એમ જણાતું હતું કે 'હવે મારું કામ દક્ષિણ આફ્રિકામાં નથી પણ દેશમાં છે.' અલબત્ત દક્ષિણ આફ્રિકામાં બેઠો બેઠો હું કાંઈક સેવા તો જરૂર કરું, પણ ત્યાં મારો મુખ્ય ધંધો તો પૈસા કરવાનો જ થઈ પડે, એમ ખુદ ગાંધી જ આત્મકથામાં વ્યક્ત થાય છે.

એક અભ્યાસુ વિદ્યાર્થી મને એમ લાગે છે કે ગાંધીના સમાજસેવાના ઘડતરના દિવસો ૧૮૮૮થી ૧૮૯૧ના ખાસ છે. આ ત્રણ વર્ષ દરમિયાન તેઓ લંડનમાં બેરિસ્ટરનો અભ્યાસ કરવા ગયા હતા અને જૂન ૧૮૯૧એ બેરિસ્ટરની પરીક્ષા તેમણે પાસ કરી હતી. એ પછી માત્ર બે જ દિવસમાં તેઓ સ્વદેશ પરત ફર્યા હતા. ત્યાર પછી ગાંધીના હિન્દુસ્તાનના રાજકોટ, મુંબઈના અનેક પ્રસંગો રોચક છે પરંતુ અબ્દુલ્લા શેઠની પેઢીના કોર્ટ કેસના સંદર્ભે તેઓ દ. આફ્રિકા ગયા. ત્યાં તેમને વ્યક્તિગત મેરિત્સબર્ગ સ્ટેશને થયેલો અનુભવ હોય કે ગીરમિટીયા બાલાસુંદરમ્ પર તેના ગોરા માલિકના અમાનૂષી અત્યાચારનો કિસ્સો હોય, ગાંધીને વ્યક્તિગત અને સામૂહિક દશ્યો - કથાઓના અનુભવે દક્ષિણ આફ્રિકામાં સરકાર સામે હિંદી પ્રજાને સામૂહિક રીતે સંગઠીન કરવાનો વિચાર આવ્યો, એ અમલી બનાવ્યો અને સફળતા મળી. ૧૮૯૧માં વકીલ તરીકે પાસ થયા પછી (વકીલાત તો બહુ દૂરના વર્ષોથી વાત!) માત્ર દસ જ વર્ષના ગાળામાં ગાંધી દૂર દેશાવર દક્ષિણ આફ્રિકામાં હિંદી કોમના જાહેર સેવક બન્યા હતા. અબ્દુલ્લા શેઠની અદાલતી તકરારના કેસ ઉપરાંત આફ્રિકામાં પહોંચેલા આ 'વણનોતર્યા મહેમાન' મિસ્ટર એમ. કે. ગાંધી સ્વીકૃત હિંદી નેતા બની ચૂક્યા હતા.

વકીલ તરીકે દ. આફ્રિકા કમાણી અર્થે જ ગાંધી પહોંચ્યા હતા પણ વકીલાત સાથે ગોરી સરકારના રંગભેદી વર્તન સામે તેમણે લડત ચલાવી હતી. અને એ ગાળામાં ગાંધી હિંદીના સર્વમાન્ય વણચૂંટાયેલા જાહેર સેવક તરીકે પ્રસ્થાપિત થયા હતા. તેમનો દ. આફ્રિકામાં રહેવાથી તેમનો મુખ્ય ધંધો તો પૈસા કમાવાનો જ થઈ પડે એમ માન્યું આથી સ્વદેશ પરત ફરવાનો વિચાર થઈ પડ્યો હતો. આ દષ્ટિએ એક સમયે જે દક્ષિણ આફ્રિકામાં માત્ર કમાણી કરવા માટે તેઓ આવ્યા હતા એ કાર્ય હવે તેમના માટે મુખ્ય રહ્યું ન હતું. કોમની સેવા તે તેમના માટે સર્વોચ્ચતા બની હતી. આ ગાંધીમાં આવેલો બદલાવ હતો. કમાણી કે આવક મેળવવામાંથી એ સેવક બન્યા છે એની સાબિતી હતી. ગાંધી આત્મકથામાં નોંધે છે. 'દેશની મિત્રવર્ગની ખેંચ ચાલુ હતી. અને મને પણ ભાસ્યું છે કે દેશ જવાની મારો ઉપયોગ વધારે થઈ શકશે.' (સ.પ્ર. અથવા આત્મકથા, પૃ. ૨૦૨ નવજીવન પ્રકાશન, ૧૯૯૯)

ગાંધીના દ. આફ્રિકાથી સ્વદેશ જવાના વિચારમાં સ્પષ્ટ વર્તાય છે કે તેઓ હિન્દુસ્તાનની અંગ્રેજ સરકાર સામે સામૂહિક અને સંગઠીત લડત આપવા માટે જવા તૈયાર થઈ ગયા હતા. દ. આફ્રિકાના સાથીઓ સમક્ષ તેમને વતન વાપસીનો પ્રસ્તાવ કર્યો. ગાંધીજીની દ. આફ્રિકામાંથી મુક્ત થવાની માગણીનો શરતી સ્વીકાર કરવામાં આવી. શરત એ હતી કે એક વર્ષની અંદર જો કેમને જરૂર જણાય એ હતી કે એક વર્ષની અંદર જો કેમનો જરૂર જણાય તો મો. ક. ગાંધીએ પાછું દ. આફ્રિકા જવું. ગાંધીના કથન અનુસાર આ શરત તોરને કઠણ લાગી પણ પ્રેમપાશથી બંધાયેલા ગાંધીને શરત માથે ચડાવવી પડી.

દ. આફ્રિકાથી સ્વદેશ આવતા પહેલા નાતાલના હિંદીઓએ ગાંધી અને તેમના પરિવારજનોને પ્રેમામૃતથી નવડાવી મૂકયા. ઠેકઠેકામે માનપત્રો આપવાની સભાઓ થઈ. દરેક ઠેકાણેથી કિંમતી ભેટો આપવામાં આવી. પાંચ વર્ષ પહેલા જયારે તેઓ દેશ પરત આવેલા ત્યારે પણ ભેટો ગાંધીને મળી હતી પણ આ વખતે ભેટ સોગાદોમાં સોના-ચાંદીની વસ્તુઓ તો હતી જ, પણ તેમાં હીરાની વસ્તુઓ પણ હતી. આ ભેટ સોગાદ સામે ગાંધીને વાંધો હતો.

આ બધી વસ્તુઓનો સ્વીકાર કરવાનો મને શો અધિકાર એમ ગાંધી જાતને પ્રશ્ન કરતા હતા. પ્રશ્નો અને ભેટ સોગાદ સામેના વિરોધ વિચારો ગાંધીને અકળાવતા હતી. આ અકળામણ તેમના જ શબ્દોમાં જોવા જેવી છે. ગાંધી લખે છે : 'બેટનો સ્વીકાર કરું તો કોમની સેવા હું પૈસા લઈને નહોતો કરતો એમ મારા મનને કેમ મનાવું ? એક વકીલ તરીકે થોડાક અસીલોએ આપેલી થોડી ભેટને બાદ કરતા બાકીની બધી કેવળ મારી જાહેર સેવાને અંગે જ હતી. - તો કોમની સેવા માટે જો ભેટ લઈએ તો કોમની સેવા કેમ ગણાય ?'

- ગાંધી લખે છે વળી આ ભેટોમાં એક પચાસ ગીનીનો હાર કસ્તૂરબાઈને સારું હતો. પણ એને મળેલી વસ્તુ પણ મારી સેવાનો અંગે હતી, એટલે તેને નાંખી તારવી ન શકાય. જે સાંજે આમાંની મુખ્ય ભેટો મળી હતી તે રાત્રી બાવરાની જેમ જાગીને ગાળી. મારા ઓરડામાં આંટા માર્યા કર્યા. પણ કંઈ ગૂંચ ઉકલે નહીં. સેંકડોની ભેટો જતી કરવી એ ભારે પડતું હતું. ને રાખવી એ વધારે ભારે ગાંધીને લાગતું હતું.

આખી રાત જાગીને ગાંધી કોમના કામની જાહેર સેવા માટે ભેટસોગાદો ન જ રખાય એવા તારણ સામે દક્ષિણ આફ્રિકાના સહમિત્રોને ભેટસોગાદો મારે ટ્રસ્ટી બનાવવા નિર્ણય કરે છે.

કોમના કામ માટે પ્રજાના પ્રશ્નો માટે કરેલી સેવા બદલ કોઈ ભેટ સોગાદના લેવાય એવો સ્પષ્ટ નિર્ણય ગાંધીજી દ. આફ્રિકામાં લે છે અને જિંદગીભર એને પાળી બતાવી છે. પ્રજાના વણચૂંટાયેલા પ્રતિનિધિ ગાંધીજીની આ સંબંધેની વાતો હવે પછીના લેખમાં જોઈશું.